---

**:: આંક–૦૫ ની અરજી લગત હુકમ ::**

---

૧. સાંભળ્યા. અરજી તથા દાવા નું રેકર્ડ વંચાણે લીધું. હાલ ની અરજી વાદી તરફે સી.પી.સી. ઓર્ડર–૩૯, રુલ–૧,૨ તથા કલમ–૧૫૧ અન્વયે કામચલાઉ મનાઈ હુકમ મેળવવા કરેલ છે.

૨. વાદીના દાવા/અરજી ની ટુંકમાં હકિકત એવી છે કે,

૨.૧. ઝાલોદ તાલુકાના ડુંગરી ગામે રે.સર્વે નં.૧૮૧/૧ તથા રે.સર્વે નં.૧૮૧/૨ વાળી ખેતી ની જમીનો વર્ષોથી વાદીઓના બાપદાદાના સમયથી આવેલ છે .જેમાં તેઓનો પ્રત્યેક્ષ કબજો ભોગવટામાં આવેલ હોય ખેતી કરતા આવેલ છે. તેમજ દાવાવાળી જમીનનો મુળ રે.સર્વે નં.૧૮૧ હતો જેના હાલમાં રે.સર્વે નં.૧૮૧/૧ નો નવો રે.સર્વે નં.૨૭૩ અને રે.સર્વે નં.૧૮૧/૨ નો નવો રે.સર્વે નં.૨૭૪ આપવામાં આવેલ છે. વધુમાં આ બંને સર્વે નંબરની સ્થળ ઉપર જમીન એક જ છે અને વાદીઓના નામે રેવન્યુ રેકર્ડમાં ચાલે છે.

૨.૨. વધુમાં જણાવે છે કે, રે.સર્વે નં.૧૮૧/૧ ના રેવન્યુ રેકર્ડમાં તદન ખોટી રીતે પ્રતિવાદીઓના નામ દાખલ થયેલ છે. પરંતુ સ્થળ ઉપર તેઓનો કોઈ પણ પ્રકાર નો કબજો ભોગવટો આવેલ નથી. તેમજ દાવાવાળી મુળ રે.સર્વે નં.૧૮૧ માં મુળ માલીક તરીકે વાદીઓના પુર્વજ મેરીયા નારજી કિશોરી હતા તેનો ઉલ્લેખ ખેતરવાર પત્રકમાં કરવામાં આવેલ છે. જેમાં છેકછાક કરી પ્રતિવાદીઓના પુર્વજોએ અધિકારીઓ સાથે મેળાપણુ કરી વાદીઓના પુર્વજ નું નામ કમી કરી તેઓનું નામ રેકર્ડમાં ચેડા કરી દાખલ કરાવેલ છે.

૨.૩. તેમજ દાવાવાળી જમીનમાં વાદીઓના મકાનો આવેલા છે અને ચોમાસાની સીઝનમાં મકાઈ નું વાવેતર કરતા આવેલ છે. પરંતુ છેલ્લા બે માસથી પ્રતિવાદીઓ દાવાવાળી મિલકતમાં વાદીઓને ખેતી કરતા અડચણ અટકાયત કરી ધમકી આપતા હોય

અને તેઓને આવુ કૃત્ય કરતા અટકાવવા જરૂરી છે.

૨.૪. એરીતે વાદીનો પ્રથમદર્શનીય કેસ છે. બેલેન્સ ઓફ કન્વીન્યન્સ પણ વાદીઓના લાભમાં છે જો વાદીઓએ માંગ્યા મુજબ મનાઈ હુકમ આપવામાં ન આવે તો વાદીઓને નાંણામાં ન માંપી શકાય તેવું નુકશાન થાય તેમ છે. જેથી વાદીની હાલની અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

૩. વાદીના દાવા તથા મનાઈ અરજી નો પ્રતિવાદીઓને સમન્સ/નોટીસ મળતા પ્રતિવાદીઓ તેમના વિ.વકીલશ્રી મારફત હાજર થઈ આંક–૧૫ થી જવાબ/વાંધા રજુ કરેલ છે.

૩.૧. જેમાં મુખ્યત્વે વાદીના દાવાની હકીકત નો ઈન્કાર કરેલ છે. તેમજ જણાવેલ છે કે, વાદીનો દાવો ખરો નથી, ખોટી હકીકત ઉપજાવી કાઢી વાદી હાલનો દાવો લાવેલ હોય વાદીનો દાવો ખર્ચ સહીત રદ કરવા અરજ કરેલ છે. વધુમાં જણાવે છે કે, વાદીના દાવાને જરૂરી પક્ષકારોનો બાધ નડતો હોઈ વાદીનો દાવો રદ થવા પાત્ર છે.

૩.૨. વાદી હાલનો દાવો સત્ય હકીકત છુપાવી કલીન હેન્ડ આવેલ નથી. તેમજ હાલનો દાવો અધુરી વિગતે લાવેલ હોઈ જેથી પણ વાદીનો દાવો રદ થવા પાત્ર છે. વધુમાં જણાવે છે કે, રે.સર્વે નં.૧૮૧ વાળી જમીન પ્રતિવાદીઓની આવેલ છે અને તેનો કબજો ભોગવટો પણ પ્રતિવાદીઓનો આવેલ છે. વધુમાં રે.સર્વે નં.૧૮૧/૧ નો નવો રે.સર્વે નં.૨૭૩ અને રે.સર્વે નં.૧૮૧/૨ નો નવો રે.સર્વે નં.૨૭૪ આપવામાં આવેલ હોવાની હકીકત સંબધે તકરાર નહી હોવાનું જણાવેલ છે.

૩.૩. વધુમાં જણાવે છે કે, દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડમાં વાદી જણાવે છે તેવા કોઈ ચેડા કરવામાં આવેલ નથી. સદર રે.સર્વે નં.૧૮૧/૧ વાળી જમીન પ્રતિવાદીઓના બાપદાદાના સમયથી ચાલે છે. તેમજ રે.સર્વે ન.૧૮૧/૧ ની નજીક રે.સર્વે નં.૧૮૧/૨ આવેલ હોઈ, તે જમીનમાં વાદીઓ દવારા પ્રતિવાદીઓ દાવાવાળી જમીનથી દુર રહેતા હોવાનો લાભ લઈ તે જમીનમાં દબાણ થાય તે રીતે પોતાના મકાનો બનાવેલ છે.

૩.૪. તેમજ જણાવે છે કે, હાલમાં સેટેલાઈટ રી–સર્વે થતા જમીનોના જે નકશા બનાવવામાં

આવેલ છે તે નકશા મુજબ વાદીઓએ પ્રતિવાદીઓની જમીનમાં દબાણ કરેલા ની જાણ થતા વાદીને દબાણ દુર કરવા જણાવતા દબાણ દુર કરેલ નથી અને હાલનો દાવો તથા અરજી લાવેલ હોઈ અરજી રદ કરવા અરજ કરેલ છે. તેમજ વાદી જણાવે છે કે, તેવી કોઈ ધમકી પ્રતિવાદીઓએ આપેલ નથી. તેમજ રેવન્યુ રેકર્ડમાં પ્રતિવાદીઓના નામ દાખલ થયેલ હોવા અંગે વાદીઓએ કોઈ ફરીયાદ આજદીન સુધી કરેલ નથી. કે સુધારો કરવા માટે અરજી કરેલ નથી.

૩.૫. તેમજ પ્રતિવાદીઓએ દાવાવાળી જમીન ઉપર ધીરાણ પણ મેળવેલ જેની નોધ રેવન્યુ રેકર્ડમાં પાડવામાં આવેલ છે. વધુમાં દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓ ઉપરાંત બીજા ના નામો પણ રેવન્યુ રેકર્ડમાં ચાલતા હોય તેઓને દાવાના કામે પક્ષકાર બનાવેલ નથી. એરીતે વાદીનો પ્રાઈમાફેસી કેસ નથી, સગવડ–અગવડ નું ધોરણ પણ તેઓના લાભમાં નથી. તેમજ વાદીએ માંગ્યા મુજબ મનાઈ હુકમ આપવામાં આવે તો પ્રતિવાદીઓની વડીલોપાર્જીત મિલકત મનાઈ હુકમના ઓથા હેઠળ વાદી પચાવી લે અને પ્રતિવાદીઓને નાંણામાં ન માણી શકાય તેવુ નુકશાન થાય તેમ છે. જેથી વાદીની હાલની અરજી ખર્ચ સહીત રદ કરવા રજુઆત કરેલ છે.

૪. હાલના દાવા ના કામે વાદી તરફ માર્ક ૩/૧ થી રે.સર્વે નં.૧૮૧/૨ ના ૭/૧૨ ની નકલ, માર્ક ૩/૨ થી રે.સર્વે નં.૧૮૧ નો નકશો, માર્ક ૩/૩ થી રે.સર્વે નં.૧૮૧ નો રીસર્વે બાદનો નકશો, માર્ક ૩/૪ થી રે.સર્વે નં.૧૮૧ નું ખેતરવાર પત્રક ની નકલ, માર્ક ૩/૫ થી વાદીના મકાનની આકરણી ની નકલ, માર્ક ૩/૬ થી વાદીએ ભરેલ ઘરવેરાની પહોંચ ની નકલ, માર્ક ૩/૭ થી વાદીની મહેસુલ વેરાની પહોંચ ની નકલ રજુ કરેલ છે.

૫. તેમજ પ્રતિવાદી તરફે માર્ક ૧૬/૧ થી ડુંગરી ગામના રે.સર્વે નં.૧૮૧/૧ ની સને ૧૯૫૪–૫૫ થી સને ૨૦૦૪–૦૫ સુધના ૭/૧૨ ની નકલ, માર્ક ૧૬/૨ થી ડુંગરી ગામના ખેડુત ખાતા નં.૨૫૧ ના ગામ નમુના નં.૮–અ ની નકલ, માર્ક ૧૬/૩ થી રે.સર્વે નં.૨૭૩ ના ગામ નમુના નં.૭/૧૨ ની નકલ રજુ કરેલ છે.

૬. ઉપરોકત હકિકતે અત્રેની અદાલત ના ન્યાય નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું વાદી સાબીત કરે છે કે, તેઓનો પ્રથમ દર્શનીય કેસ છે ?

૨. શું વાદી સાબીત કરે છે કે, સગવડતા–અગવડતાની સમતુલા તેઓની તરફેણમાં છે ?

૩. શું વાદી સાબીત કરે છે કે, તેઓને માંગ્યા મુજબનો મનાઈ હુકમ ન આપવામાં આવે તો તેઓને નાંણામાં બદલો ન વળી શકે તેવું નુકશાન થાય તેમ છે ?

૪. શું હુકમ ?

૭. ઉપરોકત મુદ્દાઓના અત્રે ની અદાલત ના નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. નકારમાં

૩. નકારમાં

૪. આખરી હુકમ મુજબ.

–:: ઉપરોકત નિર્ણય અંગેના કારણો નીચે મુજબ છે ::–

**<u>–:: કારણો ::–</u>**

**<u>મુદ્દા નં.૧ થી ૩</u> :–**

૮. આ કામે ઉપર ઉદભવેલા મુદ્દા નં.૧ થી ૩ પરસ્પર એકબીજા ઉપર આધારીત હોઈ પુરાવાનુ બિનજરૂરી પુનરાવર્તન ના થાય તે સારૂ ત્રણેય મુદાની ચર્ચા એક સાથે કરવી સુગમ અને સરળ હોઈ ચર્ચા એકસાથે કરવામાં આવે છે.

૯. સદર કામમાં વાદી તરફે તેઓ કે તેમના વિ.વકીલશ્રીને આંક–૫ ની સુનાવણી કરવા સારુ અત્રેની અદાલત દવરા પુરતી અને વ્યાજબી તક આપેલી હોવા છતાં તેઓ અત્રેની અદાલતમાં હાજર રહેતા નથી કે છેલ્લા ઘણા સમયથી તેઓએ અરજી કે રીપોર્ટ પણ આપતા નથી. જેથી રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાને ધ્યાને લેતા સદરહું અરજી તેના

ગુણદોષ ઉપર નકકી કરવામાં આવે છે. તેમજ પ્રતિવાદી તરફે વિ.વકીલશ્રી ની મૌખિક દલીલ સાંભળવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે તેમના જવાબ/વાંધા ની હકીકતને વળગી રહે છે અને વાદીની હાલની અરજી રદ કરવા રજુઆત કરેલ છે.

૧૦. આમ, વાદીની આંક–૫ ની અરજીમાં મુખ્યત્વે માંગવામાં આવેલ દાદા ધ્યાને લેતા ઝાલોદ તાલુકાના ડુંગરી ગામે રે.સર્વે નં.૧૮૧/૧ નો નવો રે.સર્વે નં.૨૭૩ અને રે.સર્વે નં.૧૮૧/૨ નો નવો રે.સર્વે નં.૨૭૪ વાળી જમીનમાં વાદીઓના ખેડ હકક તથા વાપર ઉપભોગમાં પ્રતિવાદીઓ કે તેમના નોકર, એજન્ટો કે સગા વહાલાઓ કોઈ પણ પ્રકારે હરકત કે આડ અંતરાય કરે કરાવે નહી તેવો દાવાના આખરી નિકાલ સુધી નો હંગામી મનાઈ હુકમ મળવા અરજ કરેલ છે. અત્રે એ નોધવું જરૂરી જણાય છે કે, આ કામે પક્ષકારો વચ્ચે રે.સર્વે નં.૧૮૧/૨ વાળી જમીન કે જેનો નવો રે.સર્વે નં.૨૭૪ છે તે વાદીઓની માલીકી તથા કબજા ભોગવટાની આવેલ હોવા બાબતે તકરાર નથી.

૧૧. હાલની અરજી ના કામે વાદી તરફે રજુ રાખેલ માર્ક ૩/૪ થી ડી.આઈ.એલ.આર. કચેરી ના દાવાવાળી જમીન બાબતે નું ખેતરવાર પત્રક ની નકલ રજુ કરેલ છે. જે વંચાણે લેતા પ્રથમ પાનામાં અનુંક્રમ નં.૪૪૮ ની સામે રે.સર્વે નં.૧૮૧/૧ ક્ષેત્રફળ ૨–૧૮ જણાવેલ છે અને ખાતેદાર તરીકે મેરીયા નારજી કિશોરી ના નામ ઉપર લીટી કરેલ નીચે સોમજી કાળીયા નું નામ લખવામાં આવેલ છે. તેમજ સદર દસ્તાવેજના પાના નં.૨ વંચાણે લેતા રે.સર્વે નં.૧૮૧/૧ ક્ષેત્રફળ હે.૧–૨૬–૪૭ ચો.મી. દર્શાવેલ છે અને તેમાં ખાતેદાર તરીકે મેરીયા નારજી કીશોરી નું નામ જણાવેલ છે. તેમજ નીચે રે.સર્વે નં.૧૮૨ ક્ષેત્રફળ ના કોલમમાં હે.૨–૩૧–૬૮ ચો.મી. સામે ખાતેદાર તરીકે સોમજી કાળીયા નું નામ દર્શાવેલ છે. તેમજ વાદી તરફે રજુ રાખેલ માર્ક ૩/૫ થી ૩/૭ વાળા દસ્તાવેજ વંચાણે લેતા આકરણી પત્રક, ઘરવેરા ની પહોંચ, મહેસુલ ભર્યાની પહોચ છે. જેમાં દાવાવાળી રેવન્યુ સર્વે નં.૧૮૧/૧ કે નવો રે.સર્વે નં.૨૭૩ નો કોઈ ઉલ્લેખ કરેલ નથી. જેથી સદર દસ્તાવેજી દાવાવાળી જમીનના હોવા અંગેનું પુરવાર માની શકાય નહી.

૧૨. વધુમાં અરજીના કામે પ્રતિવાદી તરફે રજુ રાખેલ માર્ક ૧૬/૧ ડુંગરી ગામના ગામ નમુના

નં.૭/૧૨ ની નકલ સને ૧૯૫૪–૫૫ થી સને ૨૦૦૪–૦૫ ની રજુ કરેલ છે. જે વંચાણે લેતા પાના નં.૧ તથા ૨ માં રે.સર્વે નં.૧૮૨ અને બીજા હકકે તેમજ ખેડ હકક અને ગણોત ની રકમ ના કોલમમાં સોમજી કાળીયા નું નામ દર્શાવેલ છે. તેમજ સદર દસ્તાવેજના પાના નં.૩ માં રે.સર્વે નં.૧૮૧/૧ જણાવેલ છે . જેથી સદર દસ્તાવેજ મુજબ રે.સર્વે નં.૧૮૨ માં બીજા હકકે સને ૧૯૫૪–૫૫ થી ૧૯૭૩–૭૪ માં સોમલા કાળીયા નું નામ જણાવેલ છે. જેથી રે.સર્વે નં.૧૮૧/૧ વાળી જમીન પ્રતિવાદીઓના નામે કયા હુકમના આધારે રેવન્યુ રેકર્ડમાં દાખલ થઈ બાબતે પ્રતિવાદી તરફે કોઈ આધાર સાથે નો પુરાવો રજુ કરેલ નથી. તેમજ પ્રતિવાદી તરફે માર્ક ૧૬/૩ થી રે.સર્વે નં.૨૭૩ ના નવા ૭/૧૨ ની નકલ રજુ કરેલ છે. જેમાં પ્રતિવાદીઓના નામ કબજેદાર તરીકે નોધાયેલા છે. પરંતુ ઉપરોકત ચર્ચા મુજબ પ્રતિવાદી તરફે સદર રે.સર્વે નં.૧૮૧ /૧, નવો રે.સર્વે નં.૨૭૩ માં પ્રતિવાદીઓના નામ કયા હુકમના આધારે રેવન્યુ રેકર્ડમાં દાખલ થયેલ છે. તે બાબતે કોઈ પુરાવો રજુ કરેલ નથી કે, ખુલાસો કરેલ નથી. જેથી ઉપરોકત ચર્ચા મુજબ દાવાવાળી રે.સર્વે નં.૧૮૧/૧, નવો રે.સર્વે નં.૨૭૩ વાળી જમીન ની માલીકી તથા કબજા ની હકીકત હાલના તબકકે પુરવાર થતો ન હોય. આ કામે પુરાવો રેકર્ડ કર્યા સિવાય ઉપરોકત હકકીત ચોકકસ થઈ શકે તેમ નથી.

૧૩. **એરીતે ઉપરોકત ચર્ચા ના આધારે** વાદીનો પ્રથમદર્શનીય કેસ અને બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદી ની તરફેણમાં નહી હોવાનું અદાલત માને છે. તેમજ સગવડતા–અગવડતાની સમતુલા અને નાંણામાં બદલો ન વળી શકે તેવું નુકશાન અનુસંધાને વાદી ની હાલ ની અરજી ની હકીકત જોવામાં આવે તો વાદીએ માંગ્યા મુજબ મનાઈ હુકમ આપવામાં આવે તો વાદીને નહી પરંતુ વાદીને નુકશાન થાય તેમ આ અદાલત માને છે. જેથી મુદ્દા નં.૧ થી ૩ નો નિર્ણય નકારમાં આપી અને મુદ્દા નં.૪ પરત્વે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

વાદીની હાલ ની આંક–૫ ની અરજી આથી નામંજુર (રદ) કરવામાં આવે છે.

સદર અરજી નું ખર્ચ દાવાના ખર્ચના આખરી હુકમને અનુસરશે.

હુકમ આજરોજ તારીખ ૩૧મી માંહે માર્ચ સને ૨૦૨૧ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

ઝાલોદ.
તા.૩૧.૦૩.૨૦૨૧.

(મુકેશ વિનોદરાય પંડયા)
અધિક સીવીલ જજ,
ઝાલોદ.
(UIC NO.GJ 01253)